પૂર્ણા યોજના અંતર્ગત રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાએ પૂર્ણા કન્સલ્ટન્ટની સેવાઓ આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃઆઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ-૧
સચિવાલય ગાંધીનગર
તા.૦૭/૦૫/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૧૯/૦૮/૨૦૧૯
(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૦૮/૦૭/૨૦૨૦
(3) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા૨૨/03/૨૦૨૧
(4) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૦૨/૦૨/૨૦૨૨

આમુખ

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી પૂર્ણા યોજનાની કામગીરી માટે રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાએ પૂર્ણા કન્સલ્ટન્ટની સેવાઓ ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત મંજૂર થયેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) થી (૪) પરના ઠરાવથી ઉક્ત આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ માટે લંબાવવામાં આવેલ છે. પૂર્ણા યોજનાની કામગીરી માટે પ્રાદેશિક કચેરી, સુરત અને સુરત (કોર્પો) ખાતેની કુલ-૦૨ પૂર્ણા કન્સલ્ટન્ટની જગ્યાની આઉટસોર્સની સેવાઓ ૧૧-માસ માટે મેળવવાની બાબત વિચારણા હેઠળ હતી.

//ઠરાવ//

૨/- પૂર્ણા યોજનાની કામગીરી માટે પ્રાદેશિક કચેરી, સુરત અને સુરત (કોર્પો) ખાતેની કુલ-૦૨ પૂર્ણા કન્સલ્ટન્ટની ખાલી જગ્યાઓ મંજૂરી મળ્યા તારીખથી એક માસમાં આઉટસોર્સથી ભરવાની શરતે માન્ય એજન્સી મારફત વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે

૩/- ૧૧-માસ બાદ આ જગ્યાઓની સેવાઓ ચાલુ રાખવાની જરૂર જણાય તો એક માસ અગાઉ આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૩૦/૦૩/૨૦૨૨ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરત.
4. વિભાગીય નાયબ નિયામકશ્રી, સુરત.
5. પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરત.
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
10. શાખા સિલેક્ટ ફાઇલ.